ગુજરાત રાજ્ય ખાદીના છુટક વેચાણ ઉપરના રિબેટ(વળતર)ના બદલે બજાર વિકાસ સહાય (MDA) યોજના મંજુર કરવા બાબત

**ગુજરાત સરકાર**

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : ગમઉ /૧૦૨૦૧૫/૫૨૦(૩૨૬૬૪૩)/ખ૧

સચિવાલય, ગાંધીનગર

**તા. ૨૪/૦૨/૨૦૧૬**

**વંચાણે લીધાઃ**

૧. ભારત સરકારશ્રીના ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન , નિયામકશ્રી ખાદી કોર્પોરેશન મુંબઈ ના પત્ર ક્રમાંક: No. DKC/MDA-POLICY/2010-11, તા.૧૬/૦૪/૨૦૧૦

૨. ગુજરાત રાજય ખાદીગ્રામોદ્યોગ બોર્ડની પત્ર ક્રમાંક : ખાદી /MDA/૨૦૧૫-૧૬/૯૯૬, તા. ૨૯/૪/૨૦૧૫

૩. કમિશનરશ્રી કુટીર અને ગ્રામોદ્યોગની તા. ૦૯/૦૭/૨૦૧૫ થી મળેલ દરખાસ્ત

૪. કમિશનરશ્રી કુટીર અને ગ્રામોદ્યોગ કચેરીનો તા. ૪/૨/૨૦૧૬ નો પત્ર ક્રમાંક : હશળ/૦૧૪/ચ/૬/એચસી/૪૫/૧૬

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ખાદી/પોલીવસ્ત્રના છુટક વેચાણ ઉપર ૧૦ ટકા રીબેટ(વળતર) આપવાની પ્રથા અમલમાં છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષથી ૧૦૮ દિવસના બદલે ૨ ઓકટોબરથી સળંગ ૧૮૦ દિવસ માટે રીબેટ જાહેર કરવામાં આવેલ છે.આ યોજનાથી માત્ર ખાદીનું વેચાણ વધે અને ખાદીનો ઉપભોગતા વર્ગમાં વધારો થાય તે હેતુસર વળતર આપવાનું રાજ્ય સરકારનો ઉમદા આશય હતો.

ખાદીના ઉત્પાદન સાથી સંકળાયેલ કારીગર વર્ગ, ઉત્પાદન કરતી સંસ્થાઓ તેમજ ખાદીનું વપરાશંકર્તા ગ્રાહક વર્ગને ધ્યાનમાં રાખીને ભારત સરકારશ્રીની ખાદી ગ્રામોદ્યોગ આયોગ, (KVIC) તરફથી તા. ૧/૪/૨૦૧૦ થી તેઓની રીબેટ યોજના બંધ કરીને તેના બદલે ખાદી/પોલીવસ્ત્રના ઉત્પાદન ઉપર MDA (Marketing Development Assistance) બજાર વિકાસ સહાય આપવાની યોજના અમલમાં મુકેલ છે. જે અન્વયે રાજયમાં ખાદી/પોલીવસ્ત્રનું કામ કરતી સંસ્થાઓના સંગઠન "ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા સંઘ" તરફથી ચાલુ વર્ષથી બોર્ડ દ્વારા અમલીકૃત રાજય સરકારશ્રીની રીબેટની યોજનાના બદલે ખાદી ગ્રામોદ્યોગ આયોગ (KVIC) ની જેમ MDA નો યોજના શરૂ કરવા બાબતની કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ કચેરીના સંદર્ભિત-(૩)થી સરકારશ્રીને મળેલ દરખાસ્ત સંદર્ભમાં રાજય સરકારશ્રી દ્વારા પણ ખાદીના છુટક વેચાણ ઉપર ૧૦ ટકા રીબેટના બદલે બજાર વિકાસ સહાય (MDA) આપવા અંગેની બાબત સરકારશ્રીમાં સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકાર ખાદી/પોલીવસ્ત્રના છૂટક વેચાણ ઉપર હાલ વળતર (રીબેટ) આપવાની યોજના છે તેના બદલે હવે ભારત સરકારના ખાદી અને વીલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન [KVIC] ની જેમ બજાર વિકાસ સહાય Marketing Development Assistance ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**આ યોજનાનું ધોરણ ખાદી/પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમતના પ્રમાણમાં નીચે મુજબ રાખવામાં આવે છે:**

| | | | |
|---|---|---|---|
| ૧. | કારીગર માટેની સહાય | : | ૫% |
| ૨. | ખાદી સંસ્થાને ખર્ચ પેટે સહાય | : | ૫% |
| ૩. | બજાર પ્રોત્સાહન અંગે સહાય | : | ૫% |

**આ યોજનાની શરતો નીચે મુજબ રહેશે:**

૧. આ યોજના અંગેનો લાભ માત્ર રાજયમાં ઉત્પાદન કરતી સંસ્થાઓ તથા તેના કારીગરોને જ મળશે.

૨. આ લાભ ભારત સરકારની ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ/ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા માન્ય સંસ્થાઓ અને કારીગરોને લાગુ પડશે.

૩. રાજ્ય સરકાર દ્વારા આ યોજનાની અમલવારી અંગે બોહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે. જેથી ખાદી/ખાદીવસ્ત્રોના ઉત્પાદન/વેચાણને વધુ ઉત્તેજના મળે.

૪. આ યોજનાનો લાભ મેળવવા માટે કોઇ પણ સંસ્થા/કારીગર દ્વારા ગેરરીતિ કરી હોવાનું ધ્યાને આવશે કે તરત તે વર્ષ માટેનો સહાય સ્થગિત કરવામાં આવશે અને ગેરરીતિ સાબિત થયેથી ભવિષ્યમાં રાજ્ય સરકારના સહાય મેળવવાના લાભથી વંચિત રાખવામાં આવશે.

૫. બોર્ડ દ્વારા, આ સહાય મંજુર કરવા સંબંધમાં ચૂસ્ત ઓડિટ વ્યવસ્થા અને મોનીટરીંગ કરવાનું કરવાનું રહેશે.

૬. સહાય મેળવા માટેના નીતિ-નિયમો, કાર્યપધ્ધતિ ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા નકકી થયા મુજબની રહેશે જેનો સંસ્થાએ અમલ કરવાનો રહેશે.

**આ યોજનાનો ખર્ચ જે તે વર્ષમાં નીચે મુજબ મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.**

(૧) માંગણી નંબર ૪૯ જનરલ પ્લાન
૨૮૫૧ ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગો
૧૦૫-ખાદી અને ગ્રામોદ્યોગ
(૦૧)- આઈ.એન.ડી.-૨૧
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

(૨) માંગણી નંબર-૯૫ (પ્લાન) સ્પે.કોમ્પો. પ્લાન
૨૮૫૧- ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગો
૧૦૫ – ખાદી અને ગ્રામોદ્યોગ
(૦૧)-આઈ.એન.ડી.-૨૧ સ્પે. કોમ્પો.પ્લાન અનુ.જાતિ

(૩) માંગણી નંબર -૯૬ (પ્લાન) ટ્રાયબલ પ્લાન
૨૮૫૧-ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગો
૭૯૬- આદિ જાતિ વિસ્તાર પેટા યોજના
(૦૫) -આઈ.એન.ડી.-૨૧ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (કુ.ઉ.) ની તા. ૨૨/૦૨/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.મુની)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ.
ગુજરાત સરકાર

**નકલ રવાના :-**

૧. નામદાર રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
૨. માનનીય મંત્રીશ્રી(કુ.ઉ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માનનીય રા.ક.મંત્રીશ્રી(કુ.ઉ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
૫. સચિવશ્રી (આ.બા.) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવશ્રી (ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર
૭. અ.મુ.સચિવશ્રી(ઉ)ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
૮. સચિવશ્રી(કુ.ઉ) ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ. સચિવાલય, ગાંધીનગર.
૯. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
૧૦. સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ, જુના વાડજ, અમદાવાદ.
૧૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
૧૨. હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
૧૩. ઉદ્યોગ અને ખાણ વિભાગની બજેટ શાખા, નાણાં શાખા. કોમ્પ્યુટર સેલ,
૧૪. પસંદગી ફાઇલ